સંદેશ , પાના નં. ૧૯, તા. ૦૩.૦૯.૨૦૨૪

### ત્રીજી વખત PM પદ સંભાળ્યા બાદ પ્રથમ મુલાકાત

# ૧૫-૧૬ સપ્ટેમ્બરે મોદી ગુજરાતમાં, રિન્યુએબલ એનર્જી મીટને સંબોધશે

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ સેવાના ઉદ્‌ઘાટનની તૈયારી

। ગાંધીનગર ।

ત્રીજી વખત વડાપ્રધાન પદ સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાત આવી રહ્યા છે. ૧૭મી સપ્ટેમ્બરે તેમના જન્મદિવસ પહેલા ૧૫- ૧૬ સપ્ટેમ્બર દરમિયાન તેમનો ગુજરાત પ્રવાસ નક્કી થઈ રહ્યાનું જાણવા મળ્યુ છે. મિનિસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રિન્યુએબલ એનજી દ્વારા ૧૬મી સપ્ટેમ્બરથી અહીંના મહાત્મા મંદિરમાં ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો- ૨૦૨૪નો આરંભ થઈ રહ્યો છે. ૧૮ સપ્ટેમ્બર સુધી યોજનારી આ ગ્લોબલ ઈવેન્ટનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબંધોનથી થશે.

રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ-GAD, ગૃહ વિભાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અંગે પૃષ્ટી કરી નથી. અલબત્ત, પ્રોટોકોલ સિક્યોરિટી સાથે જોડાયેલા અધિકારીઓના કહેવા મુજબ મહાત્મા મંદિરમાં ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોની ચોથી કડીમાં વિશ્વના અનેક દેશોમાંથી ૧૫ હજારથી વધુ ડેલિગેટ્સ આવી રહ્યા છે. તેની સાથે ભારત સરકાર અને દેશના અનેક રાજ્યોની સરકારો તેમજ આમંત્રિત દેશોના નીતિ નિર્ધારકો, મંત્રી- અધિકારીઓ અને રોકાણકર્તાઓ વચ્ચે બીટુબી બેઠકોનું આયોજન છે. જેમાં PM નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહે તેવી તાકીદ કરાઈ છે. સત્તાવાર કાર્યક્રમ વડાપ્રધાન કાર્યાલયથી જાહેર થશે. સરકારે અમદાવાદથી ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ સેવા વડાપ્રધાનના હસ્તે લોકાપર્ણ કરાવવાની તૈયારી આદરી છે. એથી ૧૫ કે ૧૬મી સપ્ટેમ્બર તેનો કાર્યક્રમ યોજાય તો નવાઈ નહી.